ગાંધીનગર સમાચાર

# સ્વચ્છતા જાગૃતિ માટે બીએસએફની સાઈકલ રેલી





ગૃહ મંત્રાલય, બીએસએફ, નવી દિલ્હીના નિર્દેશાનુસાર ૧થી ૧૫ ડિસેમ્બર દરમિયાન બીએસએફ ગુજરાત અને તેની અંતર્ગત આવતાં સઘળાં મુખ્યાલયો દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ સ્વચ્છતા પખવાડિયા દરમિયાન બીએસએફ ગુજરાત દ્વારા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરાઈ રહ્યું છે. ડસ્ટબિનનું વિતરણ, હાઉસ ટુ હાઉસ કચરો એકત્ર કરવાનું અભિયાન, સે નો ટુ પ્લાસ્ટિકના સંદેશ બૅનર, પોસ્ટર અને હૉર્ડિંગ્સના માધ્યમથી આપવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત જાહેર સ્થાનોએ સ્વચ્છતા જાળવવા અને કચરના યોગ્ય નિકાલ માટે લોક જાગૃતિનું કામ પણ બીએસએફ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં બીએસએફ દ્વારા એક સાઈકલ રેલીનું આયોજન શનિવારે કરવામાં આવ્યું હતું. બીએસએફ ગુજરાતના જવાનો, અધિકારીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. બીએસએફ કૅમ્પથી શરૂ થયેલી આ રેલી ઍર ફોર્સ ચૉક, પાલજ, આઈઆઈટી, હરણ ઉદ્યાન થઈને બીએસએફ કૅમ્પ પહોંચી હતી.

## જન્મદિને વધામણી



અનિરૂદ્ધભાઈ જી. બ્રહ્મભટ્ટ
મો. ૯૯૨૪૬ ૬૫૨૯૦



પ્રકાશ કે પટેલ



જૈનિલ સુનિલકુમાર શ્રીમાળી
મો. ૯૪૦૯૨ ૯૫૨૯૫



દિવ્ય દર્શનકુમાર જાની
મો. ૯૯૦૪૮ ૫૪૩૦૮



સૅક્ટર-૧૬ના રહેવાસી અમૃતભાઈ રામજીભાઈ રાણા સરકારી સેવામાંથી નિવૃત્ત થતાં સૅક્ટર-૧૬ના વસાહતીઓ દ્વારા તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. રશ્મિનભાઈ, મુકેશભાઈ શ્રીમાળી, વિષ્ણુભાઈ પ્રજાપતિ, પ્રવીણભાઈ, ભાનુભાઈ પરમાર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.






ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ચેતક કમાન્ડો ગ્રૂપ-૨ના જવાનોને ડીએસપી ઑફિસ ગ્રાઉન્ડ ખાતે ફર્સ્ટ એઈડની તાલીમ સ્ટેટ રેડ ક્રૉસના ટ્રેનિર નરેશભાઈ ગોહેલ અને અમિતભાઈ દ્વારા આપવામાં આવી હતી. ટ્રેનિંગ દરમિયાન જવાનોને થિયરી સાથે પ્રૅક્ટિકલ તાલીમ પણ આપવામાં આવી હતી. ગ્રૂપના અધિકારીઓ, જવાનોનો ઉત્સાહી સહયોગ આ ઉપક્રમ માટે રેડ ક્રૉસને પ્રાપ્ત થયો હતો. ગાંધીનગર જિલ્લા રેડ ક્રૉસના હિતેષભાઈ રાવલ અને જીલુભા ધાંધલે આ ઉપક્રમની સફળતા માટે સક્રિય ભાગીદારી નોંધાવી હતી.

# સીબીએસઈ દ્વારા ધો.૧૦-૧૨ની પરીક્ષા અને પાસિંગ પદ્ધતિમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૮

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા પદ્ધતિ અને માર્કિંગ સિસ્ટમમાં ફેરફાર કર્યો છે. જે મુજબ ધો.૧૦ અને ધો.૧૨માં પાસ થવા માટે ૩૩ ટકા લાવવાના રહેશે. જો કે ધો.૧૦માં પ્રેક્ટિકલ અને થિયરીના મળીને ૩૩ ટકા હશે તો પાસ ગણાશે, પરંતુ ધો.૧૨માં પ્રેક્ટિકલ, થિયરી અને ઈન્ટરનલના જુદા જુદા ૩૩ ટકા માર્ક લાવવાના રહેશે. આમ, ધો.૧૨ના વિદ્યાર્થીઓએ થિયરી, પ્રેક્ટિકલ અને ઈન્ટરનલમાં પાસ થવું ફરજિયાત રહેશે. ઉપરાંત ધો.૧૦ અને ધો.૧૨ના પેપરમાં ૧ માર્કના ૨૫ ટકા પ્રશ્નો બહુવિકલ્પ પ્રકારના પૂછવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. આ માટે બોર્ડે શાળાઓને માર્ગદર્શિકા પણ મોકલી આપી છે. ઉપરાંત, સ્કૂલમાં લેવાનારી પ્રિ-બોર્ડ એક્ઝામ પણ આ જ પેટર્નથી લેવા માટે પણ સૂચના આપી દેવાઈ છે.

CBSE દ્વારા ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા પદ્ધતિમાં ચાલુ વર્ષે ધરખમ ફેરફાર કર્યો છે. જે મુજબ પેપરમાં ૨૦ ટકા પ્રશ્નો બહુવિકલ્પ પ્રકારના પૂછવામાં આવશે. જ્યારે ૧૦ ટકા પ્રશ્નો વિદ્યાર્થીઓની સમજણ શક્તિની કસોટી કરે તે પ્રકારના પૂછવામાં આવશે. જ્યારે પેપરના ૩૩ ટકા પ્રશ્નોમાં વિદ્યાર્થીઓને ઈન્ટરનલ ઓપ્શન આપવામાં આવશે. આમ, બોર્ડની પરીક્ષાને લઈને નવા ફેરફાર આગામી પરીક્ષામાં લાગુ થશે અને તે માટેની માર્ગદર્શિકા શાળાઓને મોકલી આપવામાં આવી છે. જેથી પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓને તે મુજબ પૂરતી તૈયારી કરી શકે. શાળાઓમાં લેવાનારી પ્રિ-બોર્ડ એક્ઝામ પણ બોર્ડના નવી પરીક્ષા પદ્ધતિ અનુસાર જ લેવાનું પણ નક્કી કરાયું હોવાનું CBSEના સૂત્રોએ જણાવ્યું હતું. બોર્ડ દ્વારા આગામી ફેબ્રુઆરી-માર્ચમાં લેવાનારી ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષામાં ૧ માર્કના ૨૫ ટકા પ્રશ્નો બહુવિકલ્પ પ્રકારના પૂછવાનું નક્કી કરાયું છે. ઉપરાંત જે વિષયોમાં પ્રેક્ટિકલ હોતી નથી તે વિષયોમાં ઈન્ટરનલ એસેસમેન્ટ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ઈન્ટરનલ એસેસમેન્ટના કુલ ૨૦ ગુણ નક્કી કરવામાં આવ્યા છે. ૨૦૨૦માં લેવાનારી ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષામાં આ ફેરફાર અમલમાં આવશે. બોર્ડ દ્વારા આ અંગે શાળાઓમાં માર્ગદર્શિકા મોકલી આપવામાં આવી છે. જે મુજબ ધો.૧૦માં પાસ થવા માટે દરેક વિષયમાં પ્રેક્ટિકલ અને થિયરીના મળીને ૩૩ ટકા ગુણ લાવવાના રહેશે. ધો.૧૦માં પ્રેક્ટિકલ અને થિયરીના મળીને ૩૩ ટકા લાવવાના છે, જ્યારે ધો.૧૨માં પ્રેક્ટિકલ, થિયરી અને ઈન્ટરનલ એસેસમેન્ટના ૩૩ ટકા માર્ક લાવવાના રહેશે.

### કોસ્ટલ સિક્યુરિટી બાબતે લોકોમાં જાગૃતિ આણવા અર્થે

# નેવીના જવાનો દ્વારા સાઈકલ એક્સ્પીડિશન યોજાઈ





નેવી વિકની ઉજવણી નિમિત્તે આઈએનએસ દ્વારકા દ્વારા એક સાઈકલ એક્સ્પીડિશનનું આયોજન ઓખાથી દિવ સુધી કરવામાં આવ્યું હતું. ૩થી ૬ ડિસેમ્બર દરમિયાન યોજાયેલી આ ૩૯૪ કિમીની એક્સ્પીડિશનમાં ગુજરાત નેવલના ૧૦ જેટલા જવાનો જોડાયા હતા. કોસ્ટલ સિક્યુરિટી બાબતે લોકોમાં જાગૃતિ આણવા માટે આ એક્સ્પીડિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૯૭૧ની લડાઈમાં આઈએનએસ ખુકરીના જવાનોની જીતની યાદ પણ આ એક્સ્પીડિશનના માધ્યમથી તાજી કરવામાં આવી હતી, ઉજવવામાં આવી હતી.

# ગણપત યુનિવર્સિટી દ્વારા આજે ગીતા જયંતિ ઉજવાશે

### 'મૅનેજમૅન્ટ ઍન્ડ લિડરશીપ લેસન્સ ફ્રોમ ભગવદ્ગીતા' વિષયે દિલ્હી સંત અમોઘ લીલા પ્રભુનું વિશેષ વ્યાખ્યાન



ગાંધીનગર, તા. ૮

ભારતીય તત્વજ્ઞાનના મહાન ગ્રંથ તરીકે સમગ્ર વિશ્વમાં આદર-સન્માન પ્રાપ્ત કર્યા હોય એવો એકમાત્ર ગ્રંથ એટલે ભગવદ્ગીતા, જેની જયંતી દર વર્ષે ઉજવવામાં આવે છે. અન્ય કોઈ ગ્રંથ માટે આવું બનતું નથી. પાંચ હજાર વર્ષ પૂર્વે મહાભારતના યુદ્ધના અવસરે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનને સંબોધીને કહેવાયેલા આ મહાકાવ્ય ગીતાની જયંતિ દર વર્ષે માગશર સુદ ૧૧ના દિવસે ઉજવાય છે, માત્ર ભારતમાં જ નહીં, જગતભરમાં ઉજવાય છે.

ગણપત યુનિવર્સિટી દ્વારા આ ઉજવણી તા. ૯ ડિસેમ્બર ને સોમવારના રોજ હાથ ધરવામાં આવી છે. દિલ્હી ઈસ્કોનના વાઈસ પ્રેસિડેન્ટ સંત અમોઘ લીલા પ્રભુના વિશેષ વ્યાખ્યાનનું આયોજન આ પ્રસંગે કરવામાં આવ્યું છે. 'મૅનેજમૅન્ટ ઍન્ડ લિડરશીપ લેસન્સ ફ્રોમ ભગવદ્ગીતા' આ વ્યાખ્યાનનો વિષય છે. આ વ્યાખ્યાનને માણવા વિદ્યાર્થીઓ અને શિક્ષણજગતના અગ્રણીઓ, આમંત્રિતો ઉપસ્થિત રહેશે.

# સૈન્યના જવાનો દ્વારા રાજ્ય સરહદે પ્લોગિંગ જાગૃતિ કવાયત






સશસ્ત્ર દળ ધ્વજ દિવસના પ્રસંગે ભૂજ ખાતે આવેલી બ્લાડ ઈગલ બ્રિગેડ દ્વારા વિવિધ સ્થળે સામૂહિક પ્લોગિંગ એટલે કે 'પિકિંગ ઓફ લિટર વાઈલ જોગિંગ' અર્થાત્ દોડતી વખતે નકામો કચરો સાફ કરવા અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભૂજ મિલિટરી સ્ટેશન ખાતે સૈન્યના તમામ જવાનોએ પ્લોગિંગ કવાયતમાં ભાગ લીધો હતો જેમાં તમામ સહભાગીઓએ સ્વચ્છતા માટે સૈન્ય છાવણીમાં દોડતી વખતે કોઈપણ કચરો ઉપાડવાનું સુનિશ્ચિત કર્યું હતું. આ કાર્યક્રમમાં પ્લાસ્ટિકની હાનિકારક અસરો અને તેનો ઉપયોગ ઘટાડવા માટેની રીતો આધારિત એક વ્યક્તવ્ય પણ આપવામાં આવ્યું હતું અને તે પછી તમામ રેન્કના જવાનોમાં 'સ્વચ્છતા'ની લાગણી પ્રબળ કરવા માટે પ્લાસ્ટિક અંગે જાગૃતિ આધારિત એક ગીત ગાવામાં આવ્યું હતું. કચ્છના રણ અને સિર ક્રિકની આંતરરાષ્ટ્રીય સરહદે તૈનાત જવાનોએ પણ સુરક્ષાની ફરજો નિભાવવા માટે તેમના વ્યસ્ત અને પરિશ્રમી શિડ્યૂલમાંથી સમય કાઢીને તેમના સંબંધિત સ્થળો પર આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. દૈનિક જીવનમાં પ્લાસ્ટિકના ઉપયોગનો ઘટાડો કરવાથી થતા લાભો અને તેના મહત્વ વિશે સૈનિકોએ સારી રીતે જાણ્યું હતું. આ કાર્યક્રમના અંતે સૈનિકોએ તેમના જીવનમાં 'સ્વચ્છતા'ના સિધ્ધાંતોનું પાલન કરવાનો સંકલ્પ લીધો અને વિશ્વને રહેવા માટે એક ઉત્તમ સ્થળ તરીકે ચિહ્નિત કરવાનું કામ કર્યું હતું.